DQ-001-0012114 Seat No. ________

# B. A (Sem. II) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati Paper - IV

*(Parmparaparak Vartao) (Gadya) (Elective - 2)*

**Faculty Code : 001**
**Subject Code : 0012114**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧) કુલ **પાંચ** પ્રશ્નો છે. જેમના જવાબ મુખ્ય ઉત્તરવહીમાં આપવાના છે.

(૨) જમણીબાજુની અંક સંખ્યા પ્રશ્નોના ગુણ દર્શાવે છે.

(૩) પ્રશ્ન નંબર એકમાં કુલ **વીસ** પેટાપ્રશ્નો છે.

(૪) ગુણભાર પ્રમાણે પ્રશ્નના ઉત્તર લખો.

૧ નીચેના પ્રશ્નોના આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : ૨૦

(૧) 'પરમ્પરાપરક વાર્તાઓ' વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં રજૂ થયેલ 'આમુખઃ ગુજરાતી વાર્તાઓ વિશે' નામના લેખના લેખકનું નામ જણાવો.

(અ) ઝવેરચંદ મેઘાણી (બ) દીપક પટેલ

(ક) રઘુવીર ચૌધરી (ડ) રાધેશ્યામ શર્મા.

(૨) ટૂંકી વાર્તામાં પાત્રો કેટલા આલેખાય છે?

(અ) અમર્યાદિત (બ) મર્યાદિત

(ક) (અ), (બ) બંને (ડ) ત્રણમાંથી એકેય નહીં.

(૩) ટૂંકીવાર્તાનો અંત કેવો હોય છે?

(અ) વિષાદ જન્માવે તેવો (બ) વિચારતા કરી મૂકે તેવો

(ક) પ્રફૂલ્લિત કરે તેવો (ડ) ત્રણમાંથી એંકેય નહીં

(૪) સંદનભાઈ કઈ વાર્તાનું પાત્ર છે ?

(અ) મુકુન્દરાય (બ) મારી કમલા

(ક) ગોવાલણી (ડ) પ્રતિકાર

(૫) 'મારી કમલા' વાર્તાનો કથક કોણ છે?

(અ) નાયક પોતે (બ) લેખક પોતે

(ક) નાયિકા પોતે (ડ) સાસુ

(૬) 'સ્ત્રી હૃદય' વાર્તાના લેખકનું નામ શું છે ?

(અ) ધૂમકેતુ (બ) સુન્દરમ્

(ક) ઘનશ્યામ (ડ) બેફામ

(૭) મુકુન્દરાયના પિતાનું નામ શું છે ?

(અ) રઘુરામ (બ) નથુરામ

(ક) કાશીરામ (ડ) રઘનાથ ભટ્ટ

(૮) નીચેનામાંથી ઝવેરચંદ મેઘાણીની વાર્તા કઈ છે ?

(અ) ગોવાલણી (બ) મારી કમલા

(ક) મુકુન્દરાય (ડ) ચમનની વહુ

(૯) સુન્દરમ્નું આખું નામ જણાવો.

(અ) ત્રિભુવનદાસ લુહાર (બ) મનુભાઈ પંચોળી

(ક) કંચનલાલ મહેતા (ડ) રામનારાયણ પાઠક

(૧૦) શબૂના સસરાનું નામ શું છે?

(અ) રૂપા હોણ (બ) મેઘો

(ક) વાઘજી (ડ) માવજી

(૧૧) 'ગુજરીની ગોદડી' વાર્તાના લેખક કોણ છે ?

(અ) જયંતિ દલાલ (બ) જયંત ખત્રી

(ક) પન્નાલાલ પટેલ (ડ) ઉમાશંકર જોશી

(૧૨) 'પ્રતિકાર' વાર્તામાં લતા કોની કુદષ્ટિનો પ્રતિકાર કરે છે ?

(અ) પતિ ઉષાકાંત (બ) શેઠ રમણલાલ

(ક) રામો (ડ) ડ્રાયવર

(૧૩) 'ધૂમ્રસેર' વાર્તાના સર્જકનું નામ જણાવો.

(અ) ચુનીલાલ મડિયા (બ) કનૈયાલાલ મુનશી

(ક) ગુલાબદાસ બ્રોકર (ડ) ઝીણાભાઈ દેસાઈ

(૧૪) ' અને...., અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં.' આ વાક્ય કઈ વાર્તામાંથી લેવામાં આવ્યું છે?

(અ) પરિતોષ (બ) પ્રતિકાર

(ક) માને ખોળે (ડ) લોહીની સગાઈ

(૧૫) 'પ્રતિકાર' વાર્તામાં શેઠ રમણલાલની ખરાબ વૃત્તિ માટે લેખકે ક્યું પ્રતીક યોજ્યું છે?

(અ) સાપનું (બ) કાચીંડાનું

(ક) ઉંદરનું (ડ) ઘુવડનું

(૧૬) લક્ષ્મણ-કીકી નામના પ્રેમી પાત્રો કઈ વાર્તામાં આલેખાયા છે ?

(અ) પીઠીનું પડીકું (બ) પરિતોષ

(ક) ગોવાલણી (ડ) ખરી મા

(૧૭) 'પરમ્પરાપરક વાર્તા' પુસ્તકમાં નીચેનામાંથી દીર્ઘ વાર્તા કઈ છે?

(અ) માને ખોળે (બ) લોહીની સગાઈ

(ક) કિમી-ચાન (ડ) મંગલસૂત્ર

(૧૮) 'આભલાનો ટુકડો' વાર્તાના લેખક જણાવો.

(અ) મલયાનિલ (બ) ધૂમકેતુ

(ક) જયંતિ દલાલ (ડ) બકુલેશ

(૧૯) 'પ્રતિકાર' વાર્તાના સર્જક કોણ છે ?

(અ) દ્વિરેફ (બ) દર્શક

(ક) કાન્ત (ડ) સ્નેહરશ્મિ

(૨૦) નીચેનામાંથી ઈશ્વર પેટલીકરની વાર્તા કઈ છે ?

(અ) લોહીની સગાઈ (બ) મારી કમલા

(ક) પીઠીનું પડીકું (ડ) માને ખોળે

૨ ગુજરાતી સાહિત્યમાં નવલિકાના આરંભ અને વિકાસ વિશે મુદ્દાસર નોંધ લખો. **૧૦**

**અથવા**

૨ નવલિકાની વ્યાખ્યા આપી તેમની લાક્ષણિકતાઓની સોદાહરણ ચર્ચા કરો. **૧૦**

૩ રાધેશ્યામ શર્મા સંપાદિત 'પરમ્પરાપરક વાર્તાઓ' વિશે સમીક્ષાત્મક નોંધ લખો. **૧૦**

**અથવા**

૩ 'પરમ્પરાપરક વાર્તાઓ'ની વાર્તાઓના સર્જનને ધ્યાનમાં રાખી તેમની વિશેષતાઓ અને મર્યાદાઓ વિશે સવિસ્તર આલેખન કરો. **૧૦**

૪ નીચે આપેલ (અ) અને (બ) વિભાગમાંથી **એક-એક** નોંધ લખો. **૧૬**

(અ) (૧) 'મુકુન્દરાય' વાર્તામાં ગ્રામ્યજીવન

(૨) 'લોહીની સગાઈ' વાર્તાનો કારુણ્યભાવ

(બ) (૧) 'મલયાનિલ' વાર્તાનો આસ્વાદ

(૨) 'માને ખોળે' વાર્તાનો આસ્વાદ

૫ નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર લખો. **૧૪**

(૧) 'મારી કમલા' શીર્ષકની યથાર્થતા

(૨) 'સ્ત્રી હૃદય' માતૃવાત્સલ્યની વાર્તા

(૩) 'પરમ્પરાપરક વાર્તાઓ'માં દામ્પત્યભાવ

(૪) 'પરિતોષ' વાર્તાનું કથાવસ્તુ.